## 1. ટૂંકનોંધ લખો : ચૂંટણીનું મહત્ત્વ

- લોકશાહીમાં ચૂંટણીનું મહત્ત્વ નીચે મુજબ છેઃ

(અ) લોકશાહીની આધારશિલા : ચૂંટણી મારફતે જનતા પોતાની પસંદગીના પ્રતિનિધિઓને ચૂંટીને શાસનનાં સૂત્રો સોંપે છે અને જો તેમનું શાસન પસંદ ન આવે તો સત્તા પરથી દૂર કરવાનું શાંત અને અહિંસક સાધન છે. આમ, સ્વતંત્ર, મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ લોકશાહી માટે આધારશિલારૂપ છે.

(બ) લોકો (જનતા)ની સર્વોપરીતા : દેશમાં સરકાર કોઈ જ્ઞાતિજાતિ કે કોમ દ્વારા નહીં, પરંતુ લોકો દ્વારા જ રચી શકાય છે, આમ જનતાએ ચૂંટણીના માધ્યમથી ચૂંટ્યા છે તેમની બહુમતી જ સરકાર બનાવવાનો માર્ગ તૈયાર કરે છે. ટૂંકમાં જનતા જનાર્દનની સમંતિથી જ સરકાર રચાય છે કે પરિવર્તન પામે છે.

(ક) રાજકીય શિક્ષણનું માધ્યમ : ચૂંટણી સમયે દેશ સમક્ષના પ્રશ્નો, પડકારો ચર્ચામાં રહે છે. આના ઉકેલ માટે રાજકીય પક્ષો, ઉમેદવારોના વિચારો સ્પષ્ટ થતો જાય છે. જનમાનસ વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે વૈચારિક મનોમંથન કરે છે તે નિર્ણાયક ઉકેલ લાવી શકે છે. ટૂંકમાં ચૂંટણી પ્રશ્નોને વાચા આપવાનું અને તેના યોગ્ય જવાબ લાવી આપવા મદદરૂપ બને છે. (દા.ત. ગુજરાતમાં ચોક્કસ જ્ઞાતિને અનામત મળે કે કેમ ?)

(ડ) લોકભાગીદારી : ચૂંટણીઓના સમયગાળામાં વિવિધ કારણોસર લોકો રાજકારણ માં ભાગીદાર બનતા હોય છે. ચૂંટણી સમયે જ રાજકીય પક્ષો લોકોના હમદર્દ બનતા હોય છે અને આ સમયે જ લોકો (જનતા) પોતાની ઈચ્છાઓ અને અપેક્ષાઓ વ્યક્ત કરે છે.

(ઘ) સત્તાનો મુખ્ય સ્ત્રોત : શાસન વ્યવસ્થા સંભાવવા માટે ચૂંટણીમાં જીત અને બહુમતી અનીવાર્ય છે અને આ લોકોની પસંદગી વગર શક્ય બનતું નથી, લોકશાહીમાં લોકો જ પ્રતિનિધિઓને પસંદ કરે છે અને શાસનસત્તા સોંપે છે.

## 2. ટૂંકનોંધ લખો : રાજકીય ભાગીદારી

- વિવિધ રાજકીય પ્રવૃત્તિઓમાં લોકો સ્વૈચ્છિક રીતે સામેલ થાય અને ભાગીદારી થાય, તેને રાજકીય ભાગીદારી કહેવાય છે. રાજકીય ભાગીદારીનું ઊચું પ્રમાણ રાજકીય પ્રથાની લોકસ્વીકૃતિ સાબિત કરે છે. રાજકીય ભાગીદારી વિવિધ સ્વરૂપે જોવા મળે છે. જેમ કે, રાજકીય પક્ષોના સભ્ય બનવું, પ્રચાર સભાઓમાં હાજરી આપવી, રાજકીય આંદોલનમાં સહભાગી બનવું, ચૂંટણીમાં મતદાન કરવું વગેરે. ભારતમાં થતી ચૂંટણીઓમાં સરેરાશ 60 થી 65 ટકા મતદાન થાય છે. જે સમાજના બધા જ વર્ગો અને વિભાગોની ચૂંટણીમાં ભાગીદારી દર્શાવે છે.

## 3. ટૂંકનોંધ લખો : ચૂંટણી પંચનાં કાર્યો

- ભારતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ સિવાયની તમામ ચૂંટણીઓ યોજવાનું અને તેને સંબંધીત કાર્યો કરવાનું કાર્ય ચૂંટણીપંચે કરવાનું હોય છે. ચૂંટણીપંચનાં મુખ્ય કાર્યો નીચે મુજબ છે :

(1) મતદાર યાદીઓ તૈયાર કરવી અને તેમાં જરૂરી ફેરફાર કરવા, ચૂંટણી ઓળખપત્રો તૈયાર કરાવવા. (BLO ને કામગીરી સોંપે છે.)

(2) મત વિભાગોનું સીમાંકન કરવું.

(3) રાજકીય પક્ષોને માન્યતા આપવી.

(4) ચૂંટણી વિષયક કાર્યક્રમોની જાહેરાત કરવી.

(5) રાજકીય પક્ષોને ચૂંટણી પ્રતિકો ફાળવવા.પ્રતિકો અંગેના વિવાદો ઉકેલવા દા.ત. બિહારમાં JDUના પ્રતિકની ફાળવણી

(6) ચૂંટણી સંબંધિત ગેરરીતિઓ અટકાવવી.

(7) જરૂર પડે તો ફેર ચૂંટણી યોજવી અથવા મતગણતરી સ્થગિત કરવી.

(8) ઉમેદવારોએ કરેલા ચૂંટણી ખર્ચની તપાસ કરવી.

(9) ચૂંટણી વિષયક ફરિયાદો વિવાદોનું નિરાકરણ કરવું, સમાધાન કરાવવું.

(10) ચૂંટણીનાં પરિણામોની જાહેરાત કરવી.

(11) આદર્શ આચારસંહિતાનું પાલન કરાવવું.

4. ટૂંકનોંધ લખો : કાર્યદેખાવ આધારિત રાજનીતિ

- માર્કેટિંગના આ સમયમાં રાજકીય ક્ષેત્રે પણ કોઈપણ પક્ષની હારજીત નક્કી કરવામાં પ્રચારપ્રસાર નિર્ણાયક સાબિત થાય છે. પ્રચારના ભાગરૂપે સત્તાધીશ પક્ષ પોતાના કરેલા કાર્યોને સુંદર રીતે જનમાનસને સ્પર્શી જાય તે રીતે રજૂ કરે છે. તો સત્તાપર ન હોય તેવા રાજકીય પક્ષો ચૂંટણી વખતે વચનોની લ્હાણી કરે છે. (દલા તલવાડીની જેમ) પરંતુ વર્તમાન સમયમાં લોકો (જનતા) બધુ જ સમજે છે. તેઓ નેતાઓની ચુંબકીય ભાષણો, વચનો કે વ્યક્તિત્વથી અંજાઈને આંધળા નિર્ણય કરતા નથી.
- શિક્ષણ અને સોશીયલ મિડીયાએ મતદાતાઓમાં જાગૃતી લાવવાનું કાર્ય કરે છે. વર્તમાન સમયમાં રાજકારણ ક્ષેત્રે આવકાર દાયક અભિગમ તૈયાર થઈ રહ્યો છે. કે જેમાં નાગરિકો (મતદાતાઓ) "હિસાબ" માંગે છે. ચૂંટણી પ્રચારમાં તમે આપેલા વચનો ? આ વચનો પૈકી કેટલા વચનોની પૂર્તિ કરી ? કેટલા વચનોની પૂર્તિ માટે પ્રામાણિક પણે પ્રયત્ન કર્યો? તેવી બાબતોના લેખા જોખાં કરવામાં આવે છે.
- કાયદખાવ આધારિત રાજનીતિમાં નેતાઓના કાર્યકાળ અને કરેલા કાર્યોનો હિસાબ ધ્યાનમાં લેવાય છે. સાંપ્રત સમયમાં શાસનમાં રહેતા પક્ષો પણ સો દિવસ કે એક વર્ષ, બે વર્ષની ઉજવણી પ્રસંગે પોતે કરેલ કામગીરી અંગે જાહેરમાં ચર્ચા કરે છે. કાર્યદેખાવ આધારિત રાજનીતિનો મુખ્ય હેતુ સરકારને જવાબદાર બનાવવાનો છે. જે પક્ષો શ્રેષ્ઠ કાર્યદેખાવ કરશે તે ભવિષ્યમાં સત્તા પર આવી શકે છે. માત્ર વચનો, વાયદાઓથી. મતદારોને ભોળવી શકાતી નથી. વર્તમાન સમયમાં જાગૃત મતદારોને કારણે જે કાયદેખાવ આધારિત રાજનીતિ વિકાસ પામી રહી છે. તે લોકશાહી માટે આવકારકદાયક છે.

5. ટૂંકનોંધ લખો : ભારતની ચૂંટણીપ્રથામાં રહેલી ઊણપો દૂર કરવા માટેના સૂચનો.

- ભારતની ચૂંટણીપ્રથામાં રહેલી મુખ્ય ઊણપો દૂર કરવા માટે ચૂંટણીપંચ દ્વારા નિમાયેલ સમિતિઓ દ્વારા રજૂ કરાયેલ સૂચનો.

  (1) મેળવેલા મત અને બેઠકો વચ્ચેની વિસંગતિને દૂર કરી ચૂંટણીને વધુ પ્રતિનિધિક બનાવવી. ચૂંટણીમાં રહેલ ખામી દૂર કરવા પ્રમાણસર પ્રતિનિધિત્વની પદ્ધતિની ભલામણ કરાઈ છે. આ પદ્ધતિમાં જેટલા પ્રમાણમાં મતો મળ્યો હોય એટલા પ્રમાણમાં બેઠકો મળે એવી વ્યવસ્થા છે. જર્મનીમાં આ પદ્ધતિ જોવા મળે છે.

(2) ચૂંટણીમાં ઝંપલાવતા વિશાળ સંખ્યામાં પક્ષો અને ઉમેદવારો ઉપર નિયંત્રણ કે નિયમન. આ સમસ્યા દૂર કરવા માટે રાજકીય પક્ષોની માન્યતા અંગે ચોક્કસ નિયમો અને કડક ધારાધોરણો હોવા જોઈએ તેવા સુચનો થયાં છે. આ ઉપરાંત ઉમેદવારની ચોકકસ લાયકાતો નક્કી કરાય તે પણ આવશ્યક છે.

(3) ચૂંટણીઓમાં નાણાશક્તિના વધતા જતા પ્રભાવને ઘટાડવો. આ સમસ્યાને દૂર કરવા ચૂંટણીખર્ચની ટોચ મર્યાદા કરવી. રાજકીય પક્ષોના નાણાં (ડોનેશન) નું ઓડિટીંગ. રાજકીય પક્ષોના વ્યવહારો પારદર્શક બનાવવા. 'સ્ટેટ ફન્ડિગ'ની વ્યવસ્થા કરવી.

(4) હિંસા અને બાહુબળના વધતા જતા ઉપયોગ બંધ કરવા. હિંસા અને બાહુબળથી ચૂંટણી સમયે જે ભયનું વાતાવરણ ઊભું કરતાં વિવિધ પ્રવૃત્તિઓ કે વ્યક્તિઓ પર કાયદેસરની કાર્યવાહી કરવી. નાગરિકોની જાગૃતિથી જ આ અનિષ્ટો નાબૂદ થાય છે.

(5) રાજકીય પક્ષોના કામકાજનું નિયમન : રાજકીય પક્ષો લોકશાહી ઢબે પોતાનું આંતરિક કામકાજ કરે એ જોવાનું કાર્ય ચૂંટણીપંચને સુપ્રત કરવું જોઈએ. પક્ષોના સંચાલન, આવકખર્ચના હિસાબો અને તેનો ઓડિટ થવા જોઈએ. પ્રજાતંત્રમાં પક્ષની અંદર પણ અભિવ્યક્તિની સ્વતંત્રતા હોવી જોઈએ.

(6) જ્ઞાતિવાદી  કોમવાદી રાજકારણે દૂર કરવું. જ્ઞાતિ અને ધર્મની ઓળખ પર રચાયેલ પક્ષો વિભાજકતાને ઉત્તેજન આપે છે. જે તંદુરસ્ત લોકશાહીના અવરોધક છે. આ માટે લોકપ્રતિનિધિ ધારો (1951) અનુસાર ધર્મને નામે અપીલ કરીને મત માંગી શકાય નહીં. તેમ કરવામાં આવે તો ચૂંટણી વિષયક ગેરરીતી ગણાય છે.

(7) રાજકારણના વધતા જતા અપરાધીકરણને રોકવું. લોકશાહીમાં મોટી સંખ્યામાં શંકાસ્પદ ચારિત્ર્ય ધરાવતા ઉમેદવારો ચૂંટણી લડે અને ચૂંટાઈ આવે તે ચિંતાજનક બાબત છે. આ માટે, વર્તમાન સમયમાં ચૂંટણી પંચે ઉમેદવારોની શૈક્ષણિક લાયકાતો તેમની સ્થાવરજંગમ મિલકતો અને ગુનાઈત ભૂતકાળ ધરાવે છે. કે કેમ તે વિશે માહિતી આપતાં સોગંદનામાં રજૂ કરવાનું ફરજીયાત બનાવ્યું છે.

(8) સંચાર  સંવહનનાં માધ્યમોનો દુરુપયોગ અટકાવવો. મિડીયા ચૂંટણી પૂર્વે એક્ઝિટ  પોલ રજૂ કરે છે જેને કારણે મતદારો ગેરમાર્ગે દોરે છે. તેથી આચારસંહિતાના ભાગરૂપે ચૂંટણીના 48 કલાક પૂર્વ ચૂંટણી પ્રચાર બંધ કરવાના હોય છે. ચૂંટણી સમયે સંચાર માધ્યમો પૂર્વગ્રહયુક્ત કે સોદાબાજી કરી વિકૃત માહિતી પીરસે છે, તેની સામે કાયદાએ લાલ આંખ કરી છે.

(9) એકથી વધુ બેઠકો પર ચૂંટણીમાં ઊભા રહેવું. ચૂંટણીમાં ઉમેદવારો ઘણી વખતે એકથી વધુ બેઠકો પર ચૂંટણી લડે છે તે બંધ કરવું જોઈએ. સ્થાનિક સ્વશાસનની સંસ્થાઓમાં બે કરતાં વધુ બાળકો ધરાવતી નાગરિકો ચૂંટણી લડવા માટે ગેરલાયક છે તે જ બાથ ધારાસભાની ચૂંટણી માટે પણ લાગુ પાડવી જોઈએ.